# પરબનાં મીઠાં જળ

## સમ્પાદક – અમૃત મોદી

---

### 1. હમદર્દી

ગાંધીયુગના જાણીતા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના બાળપણની વાત છે. ઝવેરચંદના પીતા પોલીસ અધીકારી હતા. એકવાર મોટા મોટા સરકારી અધીકારીઓને તેમણે જમવા બોલાવ્યા હતા. દુધપાક બનાવવાનો હતો. ગામડેથી દુધ મંગાવવામાં આવ્યું. મજાનો દુધપાક તૈયાર થયો. બધાં હોંશે હોંશે ખાવા લાગ્યાં. વખાણ કરતાં જાય અને વાટકો ખાલી કરતાં જાય. પણ કીશોર ઝવેરચંદે દુધપાકમાં આંગળીય બોળી નહીં. કોઈકે કારણ પુછ્યું તો કીશોરની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. રડમસ સાદે કીશોર ઝવેરચંદ બોલ્યા : ‘દુધપાક મારા ગળે ઉતરતો નથી. કેમ કે સવારે દુધ લાવનાર માણસો કહેતા’તા કે આ દુધ લાવવા મારાં વાછડાં વાસ્તેય રાખ્યું નથી. છોકરાં સારુ પણ રહેવા નથી દીધું. આવી રીતે ભેગા કરેલા દુધનો દુધપાક ગળે શેં ઉતરે ? હું નહીં ખાઈ શકું.’

### 2. પ્રજાપ્રેમી

મુંબઈ વીશ્વ-વીદ્યાલયના ઉપકુલપતી શ્રી ચીમનલાલ સેતલવડ એકવાર સ્ટૉકહોમ ગયા હતા. ત્યાં એમને એક અવનવો અનુભવ થયો. બસ કંડક્ટર ટીકીટ આપતો આપતો સેતલવડ પાસે આવ્યો. તેમની પાસેના એક સજ્જનને ટીકીટ આપતી વેળા તેણે આદરપુર્વક સલામ કરી. સેતલવડને કુતુહલ થયું. પેલા ભાઈ ઉતરી ગયા, ત્યારે તેમણે કંડક્ટરને પુછ્યું, તો જાણવા મળ્યું : *‘એ તો અમારા રાજા હતા.’*

‘એમ! તો તેઓ પોતાની મોટરમાં નથી ફરતા?’

‘ના જી, અમારા રાજા સામાન્ય માનવીની જેમ જ જીવે છે. પ્રજાનાં સુખદુઃખ નીહાળવા તે આમ જ બધે ફરે છે.’

## 3. નામનું શું કામ?

દેશના ભાગલા પહેલાંની વાત છે, જમશેદજી મહેતા કરાંચીમાં રહેતા હતા. કરાંચીના વીકાસમાં એમનો ભારે હીસ્સો રહ્યો છે. કરાંચીમાં હૉસ્પીટલ બાંધવાનો નીર્ણય થયો. જે દાતા દસ હજાર રુપીયા આપે તેના નામની આરસની તક્તી મુકવાનો સમીતીએ નીર્ણય કર્યો હતો. ઘણા ઉદાર સજ્જનોએ મોટી રકમનું દાન કર્યું. પણ જમશેદજીએ દસ હજારમાં પચાસ રુપીયા ઓછા આપ્યા. આ જોઈ એક મીત્રને આશ્ચર્ય થયું. પુછ્યું, *‘જમશેદજી, તમે આમ કેમ કર્યું? 50 રુપીયા કેમ ઓછા આપ્યા ?’*

જમશેદજીએ પોતાની ભુમીકા સમજાવી. નમ્રતાપુર્વક તે બોલ્યા, *‘ભાઈ, ભગવાને મને જે કાંઈ આપ્યું છે, એનો ઉપયોગ લોકસેવામાં થાય તેમાં મને સંતોષ અને આનંદ છે; મારા નામની તક્તી મુકાવવામાં નહીં.’*

## 4. બાપના નામે નહીં

થોડાં વર્ષો પહેલાંની વાત છે. માર્શલ ટીટોના નીવાસ-સ્થાને થોડાક પત્રકાર પહોંચ્યા. તેમના તેર વર્ષના પુત્રના ફોટા લેવા દેવાની વીનંતી કરી. ટીટોએ ના પાડી. સંકોચપુર્વક તેમણે કહ્યું, *“મહેરબાની કરીને એના ફોટા લેશો નહીં. એથી એના મનમાં મોટાઈનો ભાવ-અભીમાન આવી જવાનો સંભવ છે. ‘હુંયે કંઈક છું’ એવી ભાવના જાગ્રત થવાનો સંભવ છે. મારો દીકરો છે, માટે એનું બહુમાન કરવાની જરુર નથી. આપબળથી અને પુરુષાર્થથી ભલે એ આગળ વધે.”* – એટલા માટે તો ટીટોએ પોતાના પુત્રને આમજનતાની શાળામાં ભણવા મુક્યો હતો.

## 5. નરસૈંયાની હુંડી

એક વાર લીલાધરભાઈ દાવડા પોતાના વતનના શહેર વેરાવળમાં સર્વોદય આંદોલન માટે ફંડ એકત્ર કરી રહ્યા હતા. ત્યાંની પ્રાથમીક શાળાનું મકાન સાવ જીર્ણશીર્ણ થઈ ગયું હતું. સ્થાનીક ભાઈઓ ફાળાનો પ્રયત્ન કરતા હતા; પણ જરુરીયાત જેટલી રકમ થતી નહોતી. લીલાધરભાઈ તો લાગી ગયા શાળાના ફાળા માટે! મોટાઓને કોરાણે મુકી જનતા જનાર્દનને સીધી અપીલ કરી. કઈ રીતે? શાળાના બાળકોનું રોજ સરઘસ કાઢવા માંડ્યું અને નરસીંહ મહેતાની હુંડીના ઢાળમાં છોકરાંને ગવરાવવા લાગ્યા :

અમને નોટું આપો ને મહારાજ રે, શામળા ગીરધારી...
અમને નોટુંનું પડ્યું છે કામ રે, શામળા ગીરધારી....
શાળા અમારી જીર્ણ થઈ ને, સડી ગયું છે સાજ,
શામળશા શેઠનું રુપ ધરી, પ્રભુ દોડી આવજો આજ.

ને બાળકોની હુંડીનો સ્વીકાર થવા લાગ્યો. લોકો પર ભારે પ્રભાવ પડ્યો. ગીતમાં 'નોટુંનો થાય રે વરસાદ' એવી કડી આવતી હતી, તો અગાશી-મેડા પરથીય લોકો નોટું ફેંકવા લાગ્યા! ફાળો ઝડપભેર થવા લાગ્યો. જુનું મકાન રીપેર તો થઈ જ ગયું; સાથે સાથે, નવા પાંચ ઓરડા બંધાય એટલી રકમ પણ થઈ ગઈ.

## 5. કલાની સાધીકા

ભારતમાં લતા મંગેશકરનું જે સ્થાન છે, તેવું જ અમેરીકામાં જોન બાયજનું છે. દરેક સંગીત-રસીયા અમેરીકન ઘરમાં, એનાં ગીતોની રેકર્ડ મળે જ. એના સ્વરમાં જાદુ છે. નવા યુગની એ મીરાંબાઈ છે. એનાં ગીત બજારુ પ્રેમ-ગીત નથી. પણ એમાં શાન્તી, સ્વતંત્રતા અને માનવતાનો પોકાર છે. સમાનતા માટે ચાલતા નીગ્રો આંદોલનમાં જોન, ધનની મદદ તો કરે જ છે; પણ પોતાના સ્વર-ઝંકારથી એ આંદોલનના નાદને ચારે બાજુ ફેલાવી રહી છે. અમેરીકાની યુદ્ધનીતીનો વીરોધ કરીને તેણે સરકારી કર ભરવાની ધરાર ના પાડી અને કાનુનભંગ કર્યો.

આ જોન 17 વર્ષની કીશોરી હતી, ત્યારે પણ મશહુર ગાયીકા હતી. તે વેળા એક પરીચીત ભાઈએ એનાં કેટલાંક ગીત ટેપ કરી લીધાં હતાં. એ પછી તેની ખ્યાતી વધતી જ ગઈ. ઘેરઘેર એનાં ગીતો સંભળાવા લાગ્યાં. પેલા ભાઈએ જોનનાં ગીતો વડે પૈસા કમાવાનો વીચાર કર્યો. છ વર્ષ પહેલાંની ટેપ પરથી પચાસ હજાર રેકોર્ડ્ઝ તૈયાર કરી દીધી. જોનને ખબર પડી. તેણે વેચાણ માટે રેકોર્ડ્ઝ બજારમાં ન મુકવાની વીનંતી કરી. પેલા ભાઈ તો મોં માગ્યા પૈસા આપવા તૈયાર હતા; પણ રેકોર્ડ્ઝ પાછી ખેંચવા તૈયાર ન હતા. એટલે જોને કોર્ટ દ્વારા, રેકોર્ડ્ઝ બજારમાં જતી અટકાવવા, અપીલ કરી. કેસ શરુ થયો. ન્યાયાધીશે કહ્યું, *'કાયદાની દૃષ્ટીએ તમારી માગણી યોગ્ય હોવા છતાં; મને તે બીનજરુરી લાગે છે. એ મોં માગ્યા પૈસા આપવા તૈયાર છે. છતાં તમે કેમ ના પાડો છો?'*

ત્યારે જોને જે જવાબ દીધો એ સાંભળી સહુ સ્તબ્ધ થઈ ગયાં, *'મારો આરાધ્યદેવ ધન નથી; પણ કલા છે. હું કલાની ઉપાસીકા છું. છ વર્ષ પહેલાં ગાયેલાં મારાં એ ગીત આજે કલાની કસોટી પર બરાબર ઉતરે તેવાં નથી. મારી આજની ખ્યાતી પર છ સાલ પહેલાંનાં નબળાં ગીત વેચી શ્રોતાઓને છેતરવા માગતી નથી. પૈસાના પ્રલોભનમાં કલા સાથે અન્યાય કરવાની વાત હું સહન કરી શકતી નથી.'*

જોન બાયજ એક ગાયીકા છે. યુદ્ધ-વીરોધ આંદોલનની આગેવાન છે; પણ સૌથી વીશેષ તો કલાની સાધીકા છે.

## 7. રીત જગતસે ન્યારી

બાળલકવો! ભારે ભયંકર છે એ શબ્દ! હજી તો માંડ ખીલવા માંડેલી કોમળ કળીઓ પર બાળલકવા-પોલીયોનો પંજો પડે છે, ને નટખટ બાળુડાં બાપડાં પંગુ બની જાય છે. ફુલની કળી સમાં કેટલાંક તો અકાળે જ ખરી પડે છે. એ રોગનો ઉપાય શોધવા દુનીયાના દેશદેશના વીજ્ઞાનીઓએ સંગઠીત પ્રયાસ કર્યો. રશીયામાં 1956માં જાણીતા જીવાણુશાસ્ત્રી પ્રો. અનાતોલી અલગ્જાન્દ્રોવીચ સ્મોરોદીન્ત્સેવે આ કામ હાથમાં લીધું. પહેલાં વાંદરાં પર પ્રયોગો કર્યા, પછી પોતાની જાત પર, પોતાના સાથીઓ પર પ્રયોગો કર્યા. પણ બાળલકવો તો બાળકોનો રોગ! માટે બાળકો પર પ્રયોગો કરવા જોઈએ. પણ કયાં મા-બાપ એ માટે પોતાનું બાળક આપે? એટલે તેમણે પોતાની પાંચ વર્ષની પૌત્રી પર પ્રયોગો કર્યા. છેવટે સફળતા મળી. આવા વીરલા વીજ્ઞાનજગતમાં બીજાયે છે.

એક અર્થમાં એ બધા સંતો જ છે. માટે તો કહ્યું છે કે : 'સંત પરમ હીતકારી, રીત જગતસે ન્યારી.'

## 8. વેપારની પ્રામાણીકતા

પુસ્તક પ્રકાશન ક્ષેત્રે ભાતભાતનાં દુષણ આજે દેખાય છે, ત્યારે પ્રયાગના ઈન્ડીયન પ્રેસના માલીક સ્વ. ચીંતામણ ઘોષનો લેખક સાથેનો વ્યવહાર જાણવા જેવો છે. તેમણે પ્રયાગના પ્રો. ઈશ્વરીપ્રસાદ પાસે એક પુસ્તક લખાવ્યું. ઉચ્ચક પુરસ્કાર આપીને કોપીરાઈટ લઈ લીધો. થોડાક

સમય પછી તે પુસ્તક પાઠ્યપુસ્તક થયું. એટલે એની માંગ વધી ગઈ. ત્યારે પ્રકાશકે લેખકને બોલાવ્યા અને કહ્યું : *'હવે સંજોગો બદલાઈ ગયા. પાઠ્યપુસ્તક થવાથી એનો લાભ લેખક તરીકે તમને પણ મળવો જ જોઈએ. માટે હવે એની વધારાની રોયલ્ટી પણ આપીશ.'* આથી લેખકને ખુબ લાભ થયો. વેપારની કેવી પ્રામાણીકતા!

## 9. ધન ધન ગાંધી મહારાજ

ગાંધીજી એકવાર ચંપારણથી બેતીયા જઈ રહ્યા હતા. રાતની વેળા હતી. ગાડીમાં જગ્યા હતી. એટલે ત્રીજા વર્ગના પાટીયા પર એ સુઈ ગયા. સાથીદારો બીજી બેઠકો પર બેઠા હતા. અરધી રાતે એક સ્ટેશને ગાડી થોભી. એક ગામડીયો ખેડુત ડબ્બામાં ચડ્યો. અંદર ઘુસતાં જ એણે ગાંધીજીને હડસેલીને કહ્યું : *'ઉઠો, બેઠા થાવ. ઓહો! ગાડી બાપની હોય એમ પડ્યા છો તે!'* ઘોંઘાટ સાંભળી બાપુ બેઠા થયા. પડખે જ બેસીને પેલો ખેડુત ભાવપુર્વક ગાવા લાગ્યો :

'ધન ધન ગાંધીજી મહારાજ,
દુ:ખીકા દુ:ખ મીટાનેવાલે.'

એના મોં પર ઉલ્લાસ છલકાતો હતો. કહી રહ્યો હતો, *'ગાંધી મા'તમા બેતીયા આવવાના છે. એમનાં દર્શન કરવા જઉં છું. ગાંધી મા'તમા દુ:ખીયાંના બેલી છે.'* એની વાત સાંભળી ગાંધીજી મંદ મંદ મલકાઈ રહ્યા હતા. બેતીયા આવ્યું. સ્ટેશન પર સેંકડો લોકોની ભીડ હતી. 'મહાત્મા ગાંધીની જય'થી સ્ટેશન ગાજી ઉઠ્યું. ખેડુતને પોતાની ભુલની ખબર પડી ત્યારે રડતાં રડતાં એ મહાત્માજીના પગે પડ્યો. ગાંધીજીએ તેને ઉઠાડ્યો ને બરડે હાથ ફેરવી, આશ્વાસન આપ્યું.

## 10. પાડોશીને પહેચાનો

એક ઉત્સાહી યુવકની વાત છે. એ વીનોબા પાસે આવ્યો. ગર્વભેર પોતાનો પરીચય આપતાં તેણે કહ્યું :

*'મને જવાહરલાલજી પણ ઓળખે છે.'*

*‘બીજું કોણ કોણ ઓળખે છે?’* વીનોબાજીએ ધીરે રહીને પુછ્યું.

*‘રાજાજી ઓળખે છે,’ યુવકે કહ્યું, ‘ટંડનજી ને સરદાર સાહેબ પણ ઓળખતા હતા.’*

*‘ગામનાં અને પાડોશનાં ગામનાં લોકો, તમને ઓળખે કે?’* વીનોબાએ પુછ્યું.

*‘ના, બાબા! મોટે ભાગે હું બહાર રહ્યો છું ને... એટલે ગામમાં કોઈને ખાસ ઓળખું નહીં. ગામવાળા મને પણ ના ઓળખે.’*

*‘તો જાઓ. પહેલાં એમને ઓળખો, એમનો પરીચય કરો, પછી મારી પાસે આવજો.’* વીનોબા બોલ્યા. **‘વીચાર પોથી’**માં વીનોબાએ લખ્યું છેઃ ***‘પર્વત સમા ઉંચા થવામાં મને સુખ નથી દેખાતું. મારી માટી તો આસપાસની જમીન પર ફેલાઈ જાય, એમાં જ મને આનંદ છે.’***

## સમ્પાદક – અમૃત મોદી

[**‘પરબનાં મીઠાં જળ’** પુસ્તક (આવૃત્તી : 1989)માંથી સાભાર.... પુસ્તક હાલ અપ્રાપ્ય છે.]

તા. 25 એપ્રીલ, 2011ના દીવસે આ લેખ ગુજરાતી ભાષાની પ્રસીદ્ધ વેબસાઈટ http://www.readgujarati.com/2011/04/25/parab-jal/ પર મુકાયેલો.

સ્વ. ભાઈ મૃગેશની પ્રસીદ્ધ વેબસાઈટ http://www.readgujarati.com/ હાલ, અનેક વ્યસ્તતા વચ્ચે પણ સંભાળતા ભાઈ જિજ્ઞેશ અધ્યારુનો ખુબ આભાર, જેમણે ‘સન્ડે ઈ.મહેફીલ’માં આ લેખ મુકવાની પરવાનગી આપી.. ..ઉ.મ..

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ - વર્ષઃ સોળમું - અંકઃ 467 -December 06, 2020

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦

**Download Earlier SeMs clicking the link below:**

**https://www.gujaratilexicon.com/gujarati-literature-ebooks/sundayemahefil/**

@@@@@

Have you ever visited :
http://www.gujaratilexicon.com ?

More than 4,02,75,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 1,84,15,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 11,30,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

More than 13,58,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@@@@@

**467.Parab_na_MiTHaa-JaL-AMRUT_MODI-SeM-6-12-2020**